# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૧૦ | ૧૦ ઓક્ટોબર, ૨૦૧૬, સોમવાર ; આસો સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## દિલ્હીના વિમાની મથક ઉપર રેડિયો એક્ટિવ લીકથી દહેશત

**મોટી દુર્ઘટના ટળી : દિલ્હી વિમાની મથકના અધિકારીઓ અને એરફ્રાન્સના અધિકારીઓ તરફથી સ્પષ્ટતા થઈ નહીં**

નવીદિલ્હી,તા. ૯

દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે કાર્ગો ટર્મિનલમાં આજે તબીબી સાધનોના જથ્થામાં શંકાસ્પદ રેડિયો એક્ટિવ ચીજવસ્તુ લીક થઈ જવાના કારણે ભારે અફડાતફડી મચી ગઈ હતી. ત્યારબાદ અધિકારીઓએ સમગ્ર વિસ્તારને ઘેરી લઈને ઉંડી તપાસ હાથ ધરી હતી. પોતાના દળોને પરમાણુ ઉર્જા બોર્ડ દ્વારા રવાના કરવામાં આવ્યા હતા.

મોડેથી એક ટોચના અધિકારીએ કહ્યું હતું કે, લોકોમાં ખોટી રીતે રેડિયોલોજીકલ ઈમરજન્સીના સંદેશા પહોંચી ગયા હતા. રાત્રે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ એર ફ્રાન્સની ફલાઈટ એએફ ૨૨૬થી કેન્સરની સારવાર માટે ૧૫ પેકેટનો જથ્થો પહોંચ્યો હતો જેને સીઆઈએસબીઆઈઓ ઈન્ટરનેશનલ દ્વારા મોકલવામાં આવ્યો હતો. ધિતી બાયોટેક ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના નામે આ જથ્થો પહોંચ્યો હતો. આજે બીએઆરસી અને એનડીઆરએફે સ્પષ્ટતા કરી હતી કે, કોઈ નુકસાનની શક્યતા નથી. કારણ કે લીકનું પ્રમાણ એટલું નથી કે જેનાથી નુકસાન થઈ શકે છે. રેડિયો એક્ટિવ પદાર્થો લીક થવાના અહેવાલ બાદ દહેશત ફેલાઈ ગઈ હતી. સમગ્ર વિસ્તારમાં ત્યારબાદ તપાસ હાથ ધરાઈ હતી. દિલ્હી વિમાની મથકે ઉપલબ્ધ રહેલા અધિકારીઓ અને એરફ્રાન્સના અધિકારીઓ તરફથી હાલમાં કોઈ પ્રતિક્રિયા મળી નથી. આ વિસ્તાર યાત્રી વિસ્તારથી ૧.૫ કિમીના અંતરે છે. સમગ્ર વિસ્તારને ખાલી કરાવી લેવામાં આવ્યા બાદ તપાસ હાથ ધરાઈ હતી.



આજ અમે ગ્યા તા રે....- નવરાત્રી હવે અંતિમ ચરણમાં પ્રવેશી છે ત્યારે ખેલૈયાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો... નવરાત્રીના નવલા નોરતાના આઠમા નોરતે આદ્યશક્તિની આરાધનાથી ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણે સૌ ખેલૈયાઓ મન મૂકીને ગરબે ઘુમ્યા હતા... દર વર્ષે ખેલૈયાઓ અવનવી સ્ટાઈલ અને ડ્રેસ અપનાવી રહ્યા છે... ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણે તો આઠમા નોરતે જાણે મેળો જામ્યો હોય એવા ઉત્સાહથી નાના ભૂલકાઓથી લઈ અબાલ વૃદ્ધ સૌ કોઈમાં અનેરો થનગનાટ જોવા મળ્યો હતો....

## પડોશીની કસરતથી ડરવાની જરૂર નથી : મોદી

**દિન દયાળ ઉપાધ્યાયની જન્મ શતાબ્દી વર્ષ પ્રસંગે કાર્યક્રમમાં ટકોર : કોઇ વ્યક્તિ કસરત પડોશીને ડરાવવા માટે નહીં પરંતુ આરોગ્યને સુધારવા માટે પણ કરે છે : દેશમાં રહેલી સેના શક્તિશાળી હોય તો જ દેશ શક્તિશાળી**

નવી દિલ્હી, તા.૯

દિન દયાળ ઉપાધ્યાયની જન્મ શતાબ્દીના પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે, કવાયતથી પડોશીને ભયભીત થવાની જરૂર નથી. આ પ્રસંગે મોદીએ નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં ૧૫ ખંડના દિનદયાળ સંપૂર્ણ વાડમયનું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે મોદીએ પંડિત દિન દયાળ ઉપાધ્યાયને યાદ કરતા કહ્યું હતું કે, એક સમય હતો જ્યારે કોંગ્રેસની સામે દેશમાં કોઈ બીજો વિકલ્પ ન હતો એવા સમયમાં દિન દયાળે કોંગ્રેસની સામે સંગઠન આધારિત રાજકીય વિચારધારા મુકી હતી. પીએમે કહ્યું હતું કે, તેમની વિચારધારાના કારણે જ આજે અમે વિપક્ષની સામે વિકલ્પ તરીકે ઉભરી આવ્યા છે અને આજે સત્તા ઉપર પણ પહોંચ્યા છે. વડાપ્રધાને હળવાશના મૂડમાં ઘણી મોટી વાત કરી દીધી હતી. તેમણે કહ્યું હતું કે, જો કોઈ વ્યક્તિ દરરોજ સવારે એક કલાક સુધી કસરત કરે છે તો આનાથી તેના પડોશીથી ભયભીત થવાની જરૂર નથી. આ કસરત પડોશીને ભયભીત કરવા માટે નહીં બલ્કે પોતાના આરોગ્ય માટે કરવામાં આવે છે. તેમણે કહ્યું હતું કે, દિન દયાળ કહેતા હતા કે, રાષ્ટ્રમાં જે સેના છે તે સેના ખુબ જ શક્તિશાળી હોવી જોઈએ. ત્યારે રાષ્ટ્ર શક્તિશાળી બને છે. દિન

● અનુસંધાન પાન-૭ પર


**ગેરન્ટેડ ગિફ્ટ કુપન**

અહીંથી કાપો

**STOCK MARKET LEADER REQUIRED FOR NEW OFFICE**

Equity Dealer : 2, Front Office Asst : 1
1 to 3 Yrs. Experience
Deserving Candidate will get best salary package. Walk with full CV.
F-13, Meghmalhar, Sec-11,Opp.CNG Pump, G'nagar.
M. 99747 03401
Mail: bestboi123@gmail.com


# રાજકીય લાભ મેળવવા સર્જિકલ સ્ટ્રાઈક : માયાવતી

**કાંશીરામની પુણ્યતિથિએ બસપની મહારેલીમાં પ્રહારો : અખિલેશના નેતૃત્વમાં ઉત્તર પ્રદેશ સરકારના કાર્યકાળમાં ગુંડારાજની સ્થિતિ છે : અચ્છે દિનના નામ ઉપર લોકોને ગેરમાર્ગે દોરવાનો મોદી ઉપર આક્ષેપ**

લખનૌ,તા. ૯

કાંશીરામની પુણ્યતિથિએ આયોજિત બહુજન સમાજ પાર્ટીની મહારેલીમાં પાર્ટીના વડા માયાવતીએ આજે રાજ્ય અને કેન્દ્ર સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા. માયાવતીએ સર્જિકલ સ્ટ્રાઈકને લઈને કેન્દ્ર સરકાર ઉપર વિલંબ કરવાનો આક્ષેપ કર્યો હતો. માયાવતીએ કહ્યું હતું કે, સરકારે રાજકીય લાભ માટે યોગ્ય સમયે સર્જિકલ હુમલા કરવાનો નિર્ણય કર્યો હતો. સમયસર પગલા લીધા હોત તો ઉરીમાં ત્રાસવાદી હુમલો ન થયો હોત. માયાવતીએ યુપી સરકાર ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, સમાજવાદી પાર્ટીની પુર્ણ બહુમતિની સરકાર બન્યા બાદથી રાજ્યમાં ગુંડારાજનો દોર છે. પ્રદેશ સરકારને પ્રજાની કોઈ ચિંતા નથી. અખિલેશ સરકારની હાલત હવે ખરાબ થઈ રહી છે. અખિલેશ સરકાર કોમી હિંસાને રોકવામાં નિષ્ફળ ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર





Keshavam Party Plot & Radhe Caterers : +91 98254 50111, +91 99099 55655










Keshavam Party Plot & Radhe Caterers : +91 98254 50111, +91 99099 55655




